પત્રિકા ૧૬૨

# ચિરાગે હિદાયત

૦૮/૦૬/૧૮ ૨૩ રમઝાન

## આ અઠવાડિયાની મુનાસેબત

૨૩ રમઝાન – કુરઆને મજીદ નાઝિલ થયું

## કુરઆન

ઈમામ બાકિર(અ.સ.) ફરમાવે છે "**બેશક દરેક વસ્તુની બહાર હોય છે અને કુરઆનની બહાર માહે રમઝાન છે.**" *(આમાલી–એ શેખ સદુક પેજ નં. ૬૭)*

માહે રમઝાનમાં લોકો કુરઆનની વધારેમાં વધારે તિલાવત કરે છે કારણ કે માહે રમઝાનમાં તેનો સવાબ વધારે છે. પણ જો તિલાવતની સાથે સાથે તેના ઉપર ચિંતન મનન કરવામાં આવે તો આ એ અલ્લાહની કિતાબ છે જેના વડે ઈન્સાન ગુમરાહીના અંધકારમાંથી હિદાયતની રોશની મેળવી શકે છે. ખુદ અલ્લાહ સૂરએ મોહમ્મદમાં ફરમાવે છે કે "**કુરઆનમાં ચિંતન મનન શા માટે નથી કરતા શું તેઓના દિલો ઉપર તાળા લાગેલા છે.**"

તો કુરઆનની ફકત તિલાવત નહી અલ્લાહ આપણને તેની આયતો ઉપર ગૌરો ફિક્રની દાવત આપે છે. જેથી આપણે હિદાયત મેળવીએ.

"**આ એ કિતાબ છે જેમાં કોઈ શંકા નથી અને મુત્તકીઓ માટે હિદાયત છે.**" *(સૂરએ બકરહ, આયત નં. ૨)*

આવો આપણે એક વાકેઓ જોઈએ કે કુરઆન કેવી રીતે હિદાયત કરે છે.

અસદ ઈબ્ને ઝોરારાહ કે જે ખઝરજ કબીલાનો સરદાર હોય છે તે મકકા આવે છે કારણ કે ઔસ અને ખઝરજ આ બંને કબીલામાં એક લાંબા સમયથી જંગ ચાલી રહી હતી અને ખઝરજ કબીલાનો આ સરદાર અસદ બિન ઝોરારા મકકામાં અતબા બિન રાબીથી તેમના કબીલા માટે મદદ લેવા આવે છે. જયારે અસદ અતબાને મળે છે અને તેને આ જંગમાં સાથ આપવાનું કહે છે. ત્યારે અતબા કહે છે કે અમે પોતે અત્યારે એક મુસીબતમાં છીએ અમારી વચ્ચે એક

શખ્સ આવ્યા છે જેમનું નામ મોહમ્મદ છે અને જે પોતાને અલ્લાહના રસૂલ કહે છે. તેની વાતો એટલી મીઠી–મીઠી હોય છે કે બધા લોકો તેના તરફ આકર્ષાય છે અને તેનો ધર્મ સ્વીકારે છે. આ સાંભળી અસદ ઈબ્ને ઝોરારા વિચારે છે કે હવે હું મદીના પાછો ચાલ્યો જાવ. પણ તે વિચારે છે કે અહીં સુધી આવ્યો છું તો ખાને કાબાનો તવાફ કરતો જાવ એટલે તે ખાને કાબામાં જાય છે અને તવાફ કરે છે તે જોવે છે કે અમુક લોકો એક શખ્સની આજુબાજુ બેઠા છે અને તે તેમને કંઈક કહી રહયા છે. તેથી અસદ પણ પોતાનો તવાફ પુરો કરીને ત્યાં જાય છે કે અહીં શું ચાલી રહ્યું છે ત્યારે તેને ખબર પડે છે કે આ એજ મોહમ્મદ(સ.અ.વ.) છે જે પોતાને અલ્લાહના નબી કહે છે તેથી અસદ તેમને પોતાની રીતે આવકારે છે. ત્યારે રસૂલ(સ.અ.વ.) કહે છે કે અલ્લાહે ખૂબજ સરસ શબ્દોમાં એક બીજાને મળો તો સલામુન અલયકુમ કહેવાનું કહ્યું છે અને પછી રસૂલેખુદા(સ.અ.વ.) તેની સામે કુરઆનની સૂરએ અન્આમની આ આયતો પઢે છે :

‘‘અને અનાથોના માલ પાસે જાઓ નહિ સિવાય કે સદ્નિષ્ઠાથી, જ્યાં સુધીકે તેઓ વ્યવહારિક શક્તિ (યુવાવસ્થા)એ પહોંચી ન જાય; અને ન્યાયપૂર્વક પૂરેપૂરાં તોલ અને માપ આપો. અમે કોઈ વ્યક્તિને તેના ગજા ઉપરાંત તકલીફ આપતા નથી; અને જ્યારે તમે (કોઈના પક્ષકાર બનીને) બોલો તો તેમાં ન્યાય કરો, પછી ભલેને (વિરૂધ્ધ પક્ષ) તમારા નજીકના સગામાંથી (કેમ ન) હોય, અને અલ્લાહ સાથેનો કરાર પૂરો કરો; આ એજ છે કે જેની અલ્લાહે તમને આજ્ઞા કરી છે કદાચને તમે બોધગ્રહણ કરો.

અને જાણી લો કે આજ મારો સીધો રસ્તો છે માટે તેનું અનુસરણ કરો, અને (બીજા) માર્ગો પર ચાલો નહિ, કારણ કે તે તમને તે (અલ્લાહના) માર્ગ પરથી વિખૂટા પાડી દેશે; આ છે જેની તેણે તમને આજ્ઞા આપી છે કે કદાચને તમે બૂરાઈ કરતા બચો.’’ *(સૂરએ અન્આમ, આયત નં.૧૫૨,૧૫૩)*

આ આયતનો અસર એ થાય છે કે અસદ તેનાથી ખૂબજ પ્રભાવિત થાય છે અને પોતે ઈસ્લામ કબૂલ કરે છે અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ને પણ દાવત

આપે છે કે તેઓ મદીના આવે અને દીને ઈસ્લામની તબલીગ કરે.

આ આયતમાં અલ્લાહ તઆલા આપણને સાચા ઈસ્લામની વ્યાખ્યા બતાવે છે.

૧) અલ્લાહ સાથે કોઈને ભાગીદાર ન બનાવો, અલ્લાહ એક છે.

૨) માં-બાપ સાથે નેકી કરો, તેની નાફરમાની ન કરો.

૩) તમારી ઔલાદને મારી ન નાખો.

૪) કોઈ ખરાબ કામ છુપુ કે જાહેર ન કરો.

૫) લોકોને નાહક કત્લ ન કરો.

૬) યતીમનો માલ ન ખાવો.

૭) માપ તોલમાં ઓછું ન આપો.

૮) ન્યાય કરો.

૯) ખુદા સાથે વચનભંગ ન કરો.

૧૦) અને અલ્લાહે બતાવેલા રસ્તા ઉપર ચાલો.

જો ફકત બે આયત ઈન્સાનની આટલી સરસ હિદાયત કરી શકે છે તો આખુ કુરઆન કે જેને આપણે માહે રમઝાનના પડીએ છીએ, તેનાથી ઈન્સાન કેટલો રાહે રાસ્ત અને હિદાયત મેળવી શકે છે?!!

મૌલા અલી(અ.સ.) નહજુલ બલાગાહમાં ફરમાવે છે કે **''કુરઆન અલ્લાહની કિતાબ છે. જેમાં તમારી સમજ અને બોધનો બધો સામાન મૌજૂદ છે, કુરઆનથી ઈલ્મ મેળવો કેમ કે આ શ્રેષ્ઠ કલામ છે અને તેમાં ચિંતન મનન કરો કેમકે તે દિલોની વસંત છે, તેના નુરથી શિફા મેળવો તે દિલો માટે શિફા છે. તેમાં દરેક બીમારીનો ઈલાજ છે અને તેની નિયમિત તિલાવત કરો કેમકે તે લાભદાયક કિસ્સાઓનું કેન્દ્ર છે.''** *(નહજુલ બલાગાહ)*

અઝીઝો! જગતનું કોઈ પુસ્તક એવું નથી કે જેને વારંવાર વાંચવાથી ઈન્સાનની દિલચશ્પી બાકી રહેતી હોય, ગમે તેવી રસઝરતી કિતાબ હોય. છતાં બે ચાર વખત પડયા પછી દિલ ભરાઈ જાય છે. પરંતુ કુરઆને કરીમનો આ

મોઅજીઝો છે કે આખી ઝિંદગી પઢતા રહે, તો પણ કયારેય તેને મૂકી દેવાનું મન નથી થતું અને તેથી જ ઈમામ સાદિક(અ.સ.) ફરમાવે છે **“અલ્લાહે કુરઆનને મખ્સુસ ઝમાના અને મખ્સુસ લોકો માટે નાઝિલ નથી કર્યુ, પણ અલ્લાહે કુરઆનને બધા ઝમાનાના તમામ લોકોની માટે નાઝિલ કર્યુ છે. તેથી જ કુરઆન દરેક સમયે અને દૌરમાં નવું લાગે છે અને દરેક કૌમની પાસે કયામત સુધી કુરઆન તરોતાઝા રહેશે.”** *(ઓયુને અખ્બાર, અરરેઝા ભાગ-૨, પેજ નં.૧૮૪)*

## તૌબા

**“શું તેમણે આ વાત નથી જાણી કે અલ્લાહ પોતાના બંદાઓની તૌબા કબૂલ કરી લે છે.”** *(સૂરએ તૌબા, આયત ૧૦૪)*

ગુનાહથી તૌબા કરવી એ નેક લોકોની સિફત છે, એમના દિનદાર હોવાની નિશાની છે. તૌબા પરવદિગારની નીકટતાનો માનદ મરતબો અપાવનાર નૂર છે. તૌબા માલિકની મોહબ્બતનો વસીલો છે. તૌબા દીન અને ઈમાનનો પાયો છે. તૌબા નજાતની ચાવી છે. હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું છે કે, **“જે શખ્સ તૌબા કરે છે તે ગુનાહથી એટલો પાક થઈ જાય છે કે જાણે તેણે ગુનાહ કર્યા જ નથી.”**

અઝીઝો! આ મુબારક મહિનાના આખરી દિવસો ચાલી રહ્યા છે. હદીસોમાં જોવા મળે છે કે જો કોઈ શખ્સ માહે મુબારકમાં નથી બક્ષાતો તો પછી તેને આવતા વર્ષ સુધી ઈન્તેઝાર કરવો પડે છે. આથી આ આખરી દિવસોમાં અલ્લાહ પાસે હાજર થઈએ અને આપણા ગુનાહોની માફી માંગીએ જેથી અલ્લાહ આપણા ગુનાહોને માફ કરે.

આવો! અલ્લાહ પાસે દુઆ કરીએ કે માહે રમઝાનમાં તે આપણી તૌબા કબૂલ કરે અને આ મહિનામાં આપણે કુરઆનમાં જે પઢ્યા તેના ઉપર અમલ કરવાની આપણને તૌફીક આપે તેમજ કુરઆન અને એહલેબૈત(અ.મુ.સ.)ના વસીલાથી ઈમામ(અ.સ.)નો જલ્દી ઝહુર કરે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com